# વી.એન્ડ. સી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

## પ્રથમ સત્રાંત પરીક્ષા - ૨૦૧૭-૧૮

તારીખ : ૧૩-૯-૨૦૧૭ ધોરણ : ૯ ગુણ : ૮૦

સમય : ૩ કલાક વિષય : ગુજરાતી

(i) The question paper is divided into four sections:

Sections - A Reading comprehension - 15

Sections - B Writing - 25

Sections - C Grammar - 15

Sections - D Literature (text book) - 25

(ii) Marks are indicated against each question.

(iii) All questions are compulsory.

## Section - A

## Reading Comprehension

પ્ર. ૧.(અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. (૫)

પ્રાર્થના એ એક રીતે, હૃદયનું સ્થાન છે. અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શક્યા તો હૃદયમાં ભેગા તયેલા અનેક કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે ધીમે ઓગળી જાય છે. અને શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ, ભગવાનની સંનિધિમાં આપણે ઊભા રહીએ એટલે આખુ વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા એમાં ભળનારાં લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને આત્મા પરાયણતા પેદા થઈ શકે છે. સમાજ અનેક રીતે પડેલો હોય, હારેલો હોય અને છિન્નભિન્ન થયેલો હોય તો પણ એમાં નવું ચૈતન્ય પેદા કરવા માટે પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના એ માણસ જાતની છેલ્લી મૂડી છે. બાકી કશું ન રહ્યું ન રહ્યું હોય તોય પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે. પ્રાર્થનાની ટેવ હોય તો કઠણ પ્રસંગે અચૂક એનું જ શરણ લેવાનું સુઝે છે અને જે રીતે સમુદ્રમાં ડૂબનાર માણસ માટે રબરનાં કડાં કે પછી કોર્કબૂચનાં જેકેટ કામ આવે છે તેવી જ રીતે પ્રાર્થના કામ આવે છે. દરેક કુટુંબમાં કાંઈ નહિ તો રોજ એકવાર, સવારે કે સાંજે બધા લોકોએ એકવાર પ્રાર્થના કરવાનો રિવાજ રાખવો અને અંતે એ જ પવિત્ર વાતાવરણમાં ઘરના સુખ દુ:ખની તેમજ સંપકુસંપની વાતો છેડવી જોઈએ. દરેક ખાનદાનની આ મોટામાં મોટી કેળવણી છે. જેમ વ્યક્તિના શરીરમાં એક આત્મા હોય છે. તેમ કુટુંબ, કોમ કે સંસ્થામાં પણ આપણે આત્મા જાગ્રત કરી શકીએ છીએ.

પ્રશ્નો :

૧. આ ગદ્યખંડમાં પ્રાથના એ શું છે? એમ કહ્યું છે?

અ) પ્રાર્થના એ માનવ મનનો બગીચો છે.

બ) પ્રાર્થના એ માનવ સમાજનો સંસ્કાર છે.

ક) પ્રાર્થનાએ વિદ્યાર્થીઓને પાસ કરનારી શકિત છે.

ડ) પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્થાન અને બીજી રીતે આત્માનો ખોરાક છે.

૨. સમૂહ પ્રાર્થના દરમ્યાન શો વિશિષ્ટ લાભ થાય છે?

અ) સમૂહ પ્રાર્થનાથી માનવ સુખી અને સંપન્ન બને છે?

બ) સમૂહ પ્રાર્થના માનવ સમાજને શકિત આપે છે?

(P.T.O.)

ક) સમૂહ પ્રાર્થના દરમ્યાન લોકો વચ્ચે આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થાય છે.

ડ) સમૂહ પ્રાર્થના દરમ્યાન બધાને સુંદર ભોજન મળે છે.

૩. પ્રાર્થના એ માનવજાતની કેવી મૂડી છે?

અ) પ્રાર્થના એ માનવજાતની સાતમી મૂડી છે.

બ) પ્રાર્થના એ માનવજાતની છેલ્લી મૂડી છે.

ક) પ્રાર્થનાએ માનવજાતની પાંચમી મૂડી છે.

ડ) પ્રાર્થનાએ માનવજાતની ત્રીજી મૂડી છે.

૪. પ્રાર્થના દરેક ખાનદાન માટે શું છે?

અ) પ્રાર્થના દરેક ખાનદાન માટે મોટામાં મોટી કેળવણી છે?

બ) પ્રાર્થના દરેક ખાનદાનની આગવી મૂડી છે.

ક) પ્રાર્થના દરેક ખાનદાન માટે સમય બરબાદ કરનારી વસ્તુ છે.

ડ) પ્રાર્થના દરેક ખાનદારનના લોકોને ખોટા માર્ગે લઈ જનાર વસ્તુ છે.

પ. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

અ) પ્રાર્થનાનું મહત્વ      બ) આત્મીયતાનું મહત્વ

ક) સંબંધનું મહત્વ      ડ) સંપનું મહત્વ

(બ) નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધીને લખો. (પ)

એકવાર સ્વામી વિવેકાનંદનો એક શિષ્ય એમની પાસે આવ્યો અને બોલ્યો, 'સ્વામીજી, હું પણ આપની જેમ વિદેશમાં જઈ ભારતની સંસ્કૃતિ, દર્શન અને રીતિ-રિવાજોનો પ્રચાર કરવા માગું છું. આ મારી પ્રથમ યાત્રા છે. આપ મને વિદેશ જવાની આજ્ઞા આપો ને આપના આશીર્વાદ આપો, જેથી હું સફળ થઈ શકું.' સ્વામીજીએ એને ઉપરથી નીચે સુધી નિહાળ્યો, અને કહ્યું - 'વિચારીને કહીશ'. શિષ્યને નવાઈ લાગી. એણે આવી કલ્પના પણ ન હતી કરી. એણે ફરીથી કહ્યું - 'હું પણ તમારી જેમ જ સાદગીથી આપણા દેશની સંસ્કૃતિના પ્રચાર કરીશ. હું બીજી કોઈ બાબતો પર ધ્યાન નહિ આપું.' વિવેકાનંદે ફરીથી કહ્યું - 'વિચારીને જવાબ આપીશ'. શિષ્ય સમજી ગયો કે સ્વામીજી એને વિદેશ મોકલવા માગતા નથી. એ બે દિવસ એમની પાસે જ રહ્યો બે દિવસ પછી સ્વામીજીએ એને બોલાવ્યો અને કહ્યું - 'તુ અમેરિકા જવા માગે છે તો જા. મારા આશીર્વાદ તારી સાથે જ છે.' શિષ્ય વિચારે છે કે આટલી નાની વાત માટે સ્વામીજીએ બે દિવસ કાઢી નાખ્યા. એણે સ્વામીજીને આ વિશે પૂછ્યું. ત્યારે સ્વામીજીએ કહ્યું - 'હું બે દિવસમાં જોવા માગતો હતો કે તારામાં કેટલી સહનશક્તિ છે, તારો આત્મવિશ્વાસ ડગી તો નથી રહ્યોને પણ તું બે દિવસ સુધી આશ્રમમાં રહી મારી આજ્ઞાની પ્રતીક્ષા કરતો રહ્યો. તને ન તો મારા પર ગુસ્સો આવ્યો, કે ન તે ધીરજ ગુમાવી જેનામાં આટલી સહનશક્તિ હોય અને પોતાના ગુરુ પ્રત્યે આવો પ્રેમભાવ હોય એ શિષ્ય ક્યારેય ભટકતો નથી. મારાં અધૂરાં કામને એ જ આગળ વધારી શકે છે. બીજા દેશના લોકોનાં મન સુધી આપણા દેશની સંસ્કૃતિ, સંસ્કાર પહોંચાડવાની સાથે સાથે ધીરજ, વિવેક અને સંયમ પણ જરૂરી છે. હું તારી કસોટી કરી રહ્યો હતો. શિષ્ય પણ સ્વામીજીની આવી અનોખી કસોટીથી પ્રભાવિત થઈ ગયો.

પ્રશ્નો :

૧. સ્વામીજીના શિષ્યનો અમેરિકા જવાનો હેતુ શો હતો?

અ) અમેરિકાની સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરવું

બ) ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મનો પ્રચાર કરવો.

ક) ભારતીય હિંદુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરવો.

ડ) ભારતની સંસ્કૃતિ, દર્શન અને રીતિ - રિવાજોનો પ્રચાર કરવો.

૨. વિવેકાનંદે શિષ્યેને અમેરિકા જવાની આજ્ઞા ન આપી કારણ કે....

અ) અમેરિકા જવા શિષ્ય પાસે પૂરતા પૈસા ન હતા.

બ) શિષ્યનાં ધૈર્ય, વિવેક અને સંયમની પરીક્ષા લેવા-ઈચ્છતા હતા.

ક) શિષ્યમાં ભારતીય ધર્મ તથા રીતિ-રિવાજોનું જ્ઞાન ન હતું.

ડ) વિવેકાનંદ પોતાના શિષ્યને પોતાની સેવા માટે રાખવા ઈચ્છતા હતા.

૩. વિવેકાનંદે 'વિચારીને જવાબ આપીશ' એવું કહ્યું એટલે શિષ્ય....

અ) ગુસ્સે થઈને પોતાના ઘરે જતો રહ્યો.

બ) શિષ્ય ખૂબ જ અધીરો થઈ ગયો.

ક) નિર્વિકાર ભાવથી સ્વામીજીના જવાબની પ્રતિક્ષા કરતો રહ્યો.

ડ) શિષ્યે સ્વામીજીની સેવા કરવાનું જ બંધ કરી દીધું.

૪. શિષ્ય બે દિવસ સ્વામીજીની પાસે શા માટે રહ્યો ?

અ) સ્વામીજીનાં આશીર્વાદ મેળવવા માટે.

બ) સ્વામીજીને હેરાન કરવા માટે.

ક) સ્વામીજી પાસે વધૂ જ્ઞાન મેળવવા માટે.

ડ) સ્વામીજીની સેવા કરવા માટે.

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

અ) સ્વાભિમાનની રક્ષા

બ) જ્ઞાનની પરીક્ષા

ક) અનોખી કસોટી

ડ) મહેનતનું ફળ

પ્ર. ૨. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધી લખો. (૫)

કાશીધામ પૂરું કરી, લઈ ગંગાજળ,
રામેશ્વર ચઢાવવા ચાલિયા સફળ.
અંગારા વરસાવતો આકરો ઉનાળો;
ધૂપ ધખધખ કરે, ધરા કાઢે ઝાળો.
હરિનામ ઘોષ સાથે સંઘ ચાલ્યો જાય;
ત્યાં ધખેલી ધૂળમાં કો ગર્દભ દેખાય.
તરસ્યે તરફળતો, રોકી પથ-પાટી,
પડેલો, જીભડી બ્હાર, આંખો જતી ફાટી.
હરિજનો કરુણાથી બોલી 'હરિ હરિ',
ચાલવા માંડ્યું અગાડી સ્થળ પરહરી.
ગધેડાની દશા જોઈ દુઃખી એક જન,
મરતાનું માથું ખોળે લઈ લીધું તહીં.
ગંગાજળ ખાલી કરી દીધું મુખ મહીં.
ઊભો રહ્યો, પાસે ગયો પીગળેલે મન.
અમી-જળે આય આવી, ખર ઊભો થયો,
આંખથી આશિષ મૂગી આપી ચાલ્યો ગયો.
યાત્રાળુઓ જોઈને આ મુખેતાનું કામ,
ઠેકડી કરવા મંડ્યા વ્યંગમાં તમામ.
એક ડાહ્યો આવી બોલ્યો, ''મૂર્ખ ! ગંગાજળ
વેડફી માર્યું તેં, ફેરો તારો આ અફળ !
હવે રામેશ્વર જઈ શાનો અભિષેક
કરીશ? ગધેડા જેવું કર્યું તેં તો છેક!''
ગદર્ભનો પ્રાણદાતા વધો જોડી કર,
''નેત્રજળે નવાડીશ પ્રભુ રામેશ્વર.''

પૂજાલાલ



(P.T.O.)

પ્રશ્નો :-

૧. યાત્રીઓ કાશીથી ગંગાજળ લઈ ક્યાં જતા હતા?

અ) યાત્રીઓ કાશીથી ગંગાજળ લઈ ડાકોર જતા હતા.

બ) યાત્રીઓ કાશીથી ગંગાજળ લઈ રામેશ્વર જતા હતા.

બ) યાત્રીઓ કાશીથી ગંગાજળ લઈ દ્વારકા જતા હતા.

બ) યાત્રીઓ કાશીથી ગંગાજળ લઈ અમૃતસર જતા હતા.

૨. યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તેની હાલત કેવી હતી?

અ) યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તેની હાલત સારી હતી.

બ) યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તેને ખૂબ જ ભૂખ લાગી હતી.

ક) યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તે પાણી વિના તરફડો હતો, જીફ બહાર નીકળી ગઈ હતી તથા આંખો ફાટી ગઈ હતી.

ડ) યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તે અન્ય ગધેડાઓ સાથે ઝઘડતો હતો.

૩. ગધેડાનો પ્રાણ બચાવવા એક યાત્રીએ શું કર્યું ?

અ) ગધેડાનો પ્રાણ બચાવવા એક યાત્રીએ જીવદયા પ્રેમીઓની મદદ લીધી.

બ) ગધેડાનો પ્રાણ બચાવવા એક યાત્રીએ પોતાના સાથીઓની મદદ લીધી.

ક) ગધેડાનો પ્રાણ બચાવવા એક યાત્રીએ તેને ખોરાક પૂરો પાડ્યો.

ડ) ગધેડાનો પ્રાણ બચાવવા એક યાત્રીએ તેના મોંમાં ગંગાજળ ખાલી કરી દીધું.

૪. ગધેડાના પ્રાણદાતાએ પ્રભુ રામેશ્વરને શાના વડે અભિષેક કરવા જણાવ્યું ?

અ) ગધેડાના પ્રાણદાતાએ પ્રભુ રામેશ્વરને પોતાના નેત્રજળ વડે અભિષેક કરવા જણાવ્યું.

બ) ગધેડાના પ્રાણદાતાએ પ્રભુ રામેશ્વરને ગંગાજળ વડે અભિષેક કરવા જણાવ્યું.

ક) ગધેડાના પ્રાણદાતાએ પ્રભુ રામેશ્વરને રેવાના જળ વડે અભિષેક કરવા જણાવ્યું.

ડ) ગધેડાના પ્રાણદાતાએ પ્રભુ રામેશ્વરને યમુના જળ વડે અભિષેક કરવા જણાવ્યું.

૫ આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

અ) સફળ યાત્રા બ) રામેશ્વર ધામ

ક) કાશીધામ ડ) નિષ્ફળ યાત્રા

## Section - B

## Writing

પ્ર. ૨ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. (૮)

૧) મારુ ગુજરાત

૨) માતૃભાષાનું મહત્વ

૩) મારો પ્રિય તહેવાર - નવરાત્રિ

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચના કરી તેને યોગ્ય શીર્ષક આપો. (૬)

ભૂખ્યું શિયાળ - ખોરાકની શોધમાં આમતેમ ભટકવું - ખાવાનું કંઈ જ ન મળવું - થાકેલું શિયાળ એક વૃક્ષ નીચે-વૃક્ષ પર કાગડો - મોંમાં પુરી - શિયાળની ચાલાકી - કાગડા ભાઈના કંઠના વખાણ - એક ગીત સંભળાવવાની ઈચ્છા - કાગડાએ પોતાની પુરી બે પગ નીચે મુકીને કહ્યું - થેક્યું! - શિયાળભાઈ અત્યારે ગાવાનો સયમ નથી, ખાવાનો છે ! - આરામથી પૂરી આરોગી કાગળો ઊડી ગયો - શિયાળે વિચાર્યું ચાલાકીમાં તો ભગવાને પણ મારે માથે સવાશેર પેદા કર્યો છે !" - શીર્ષક

(ક) પત્રલેખન : વિદ્યાર્થી જીવનમાં શિસ્તનું મહત્વ સજાવતો પત્ર તમારા મિત્રને લખો. (૬)

અથવા

(ક) અતિવૃષ્ટિથી ચોતરફ ફેલાયેલી ગંદકી દૂર કરવા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.

(ડ) તમને મનપસંદ કોઈ પણ એક ચોકલેટના વેચાણ અંગેની જાહેરાત બનાવો. (૫)

(P.T.O.)

## Section - C
## Grammar

પ્ર.૩ (અ) માગ્યા પ્રમાણે લખો. (૩)

ક) નીચાના શબ્દોના સમાનાર્થી શબ્દ આપો.

૧) ઔષધ ૩) અજુગતું

૨) ધરા ૪) મબલક

ખ) નીચેના શબ્દોના વિરોધી અર્થ આપો.

૧) ભોળું ૨) સર્જન

(બ) સૂચના પ્રમાણે કરો. (૩)

ક) નીચેનામાંથી દીર્ઘસ્વર શોધીને લખો.

આ, અ, ઈ, ઉ, ઊ

ખ) નીચેનામાંથી ઓષ્ટ્ય વ્યંજન શોધીને લખો.

ત, પ, ચ, ટ, બ

ગ) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો.

૧) નીરાશા ૨) દિવાલ

(ક) માગ્યા પ્રમાણે લખો. (૩)

ક) લિંગ ઓળખાવો.

૧) માટી ૨) નોકર

ખ) વચન ઓળખાવો.

૧) શાળા ૨) કુટુંબો

ગ) વચન બદલો.

૧) સસલું ૨) દીવો.

(ડ) નીચે આપેલા વાક્યોમાંથી અનુગ અને નામયોગી વાળા શબ્દો શોધીને લખો. (૨)

૧) છોકરો ભણવામાં હોશિયાર હતો.

૨) કુતમ્માથી આગળ ભણી શકાયું નહિ.

૩) મારો દીકરો કાયમ માટે અહીં પાછો આવી ગયો.

૪) આજણી મટતા સુધી કચૂકો ત્યાં જ ચોટી રહેશે.

(ઈ) ક) સંધિ છોડો. (૨)

૧) વિદ્યાલય ૨) પરીક્ષા

ખ) સંધિ જોડો.

૧) વાત+ આવરણ ૨) મહા+ઈશ

(ઈ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (૨)

૧) લાકડું કોરી ખાતી કીડી.

૨) જેનો પતિ મૃત્યુ પામ્યો છે તેવી સ્ત્રી.

## Section - D
## Litrature (Text book)

પ્ર.૪ (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (૩)

છેલ્લા દસ વર્ષથી રામશંકરના કુટુંબ અને તેમની જમીનનું જતન કરી રહેલા મગને ફળદ્રુપ ખેતર જોઈ રાજીપો વ્યકત કર્યો. ટાઢ, તડકો કે વરસાદ કશુંય ગણકાર્યા વિના તેણે દર વર્ષે ફળો, શાકભાજી અને અનાજનો મબલક પાક ઉબપજાવી અઢળક કમાણી કરાવી આપી હતી. તેની આ મહેનતનો બદલો વાળવાનો શુભ વિચાર રામશંકરને આવતાં તેમણે જમીનનો એક કટકો

મગનને કાઢી આપ્યો ને કહ્યું, 'મગન, આજથી આ જમીન તારી. આમાં તું તારું મકાન અને ખેતર બંને બનાવ જે ! પરંતુ પાકું લખાણ થાય એ પહેલાં જ રામશરે દેહ છોડ્યો ને બન્યું એવું કે મગનની જમીનમાં મબલક પાક પાક્યો અને રામશંકરના દીકરા મોહનનાં ખેતરમાં પાક નિષ્ફળ ગયો.

પ્રશ્નો :

૧) મગન કેટલા વર્ષથી રામશંકરને ત્યાં હતો ? તેણે શું જોઇને રાજીપો વ્યક્ત કર્યો ?

૨) મહેનતનો બદલો વાળવા રામશંકરે શું કર્યું? આખરે શું થયું ?

3) મગન અને મોહનના ખેતરોમાં કેવો પાક થયો?

(બ) નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ આપો. (૪)

૧. લેખકને શીરો ખાવાની સાલહ કોણે આપી?

૨. 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

૩. હું રામશંકરનો દીકરો છું આ વાક્યનો અર્થ સમજાવો.

૪. આખો પગાર ભવાયાને આપી દીધા પછી કરુણાશંકર માસ્તરે શું કર્યું ?

૫. 'ઘડવૈયા' પાઠના લેખકનું નામ આપો.

(ક) નીચેનામાંથી ગમે તે એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (૨)

૧. લેખકને આંજણી મટાડવા તેમના કુટુંબના મિત્રએ શું કહ્યું ?

૨. સ્વજનોએ મોહનને મગન પાસેથી જમીન પડાવી લેવા શી સલાહ આપી ?

(ડ) નીચેનામાંથી ગમે તે એક પ્રશ્નનો સવિસ્તર જવાબ આપો. (૪)

૧. 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' આ વાક્યની સમજ આપો.

૨. કરુણાશંકર માસ્તરની શાળાનું વાતાવરણ તમારા શબ્દોમાં વર્ણવો.

પ્ર.૫. (અ) નીચેની કાવ્યપંક્તિ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (૨)

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.

પ્રશ્નો :

૧. એક મૂરખને કેવી ટેવ છે?

૨. અખો ઈશ્વર અંગે શું માને છે?

(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો. (૬)

૧. દેવોના ઉપવનસમી અમીરાત કોને પ્રાપ્ત થાય છે?

૨. પારકું તેજ અને છાયા ઉછીના લેવાની કવિ કેમ ના પાડે છે?

૩. કવિ પૃથ્વી પર સ્વર્ગ કઈ રીતે ઉતારવા માગે છે?

૪. 'એ લોકો' કાવ્યમાં કવિ જંતુનાશક દવા થવા શા માટે માગે છે?

(ક) નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ આપો. (૪)

૧. સૂર્યના પ્રકાશનો અસ્વિકાર કોણ કરે છે?

૨. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' કાવ્યના કવિનું નામ લખો.

૩. 'તુ તારા દિલનો દીવો થા' કાવ્યમાં કોડિયું તારું કાચી માટીનું એટલે શું ?

૪. નવસર્જનની વાટે વિહરનાર વ્યક્તિના હૃદયમાં શું જોવા મળે છે ?

૫. 'એ લોકો' કાવ્યમાં સંગ્રહખોરોની સરખામણી કોની સાથે કરી છે?

Best of Luck